# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

**પરિપત્રઃ-**

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રોનાં પ્રોફેસર ઇન ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષઃ૨૦૧૯-૨૦માં નીચે મુજબની વિગતે ઇન્ટેક નિયત કરવામાં આવે છે.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી ટ્રાન્સફર લઇને આવેલ માન્ય સંસ્થાઓ/અનુસ્નાતક કેન્દ્રો માટે તથા ૨૦૧૯-૨૦માં ચાલું જોડાણ/વધારાનું જોડાણ મેળવેલ હોય તેવા અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓ અને જે અનુસ્નાતક કેન્દ્રોનું ૨૦૧૯-૨૦ નું પ્રથમ વર્ષ હોય તેવા નવા કેન્દ્ર માટે શૈક્ષણિક વર્ષઃ૨૦૧૯-૨૦માં ઇન્ટેક કેપેસીટી ૬૦ ની રહેશે. ૬૦ થી વધુ વિદ્યાર્થીને આપવામાં આવેલ પ્રવેશનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહી. નિયત થયેલ સંખ્યાથી વધુ પ્રવેશ આપનાર સંસ્થા/અનુસ્નાતક કેન્દ્ર દંડને પાત્ર થશે તેમજ તેવા અનુસ્નાતક કેન્દ્રોના પી.જી. રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તેના કારણે જે પરિસ્થિતિ ઉભી થશે તેની સંપૂર્ણ જવાબદારી સંસ્થા/કેન્દ્રની રહેશે. જેની સંબંધિત સર્વે અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓએ નોંધ લેવી.

નોંધઃ-૨૦૧૯-૨૦માં ચાલું જોડાણ/વધારાનું જોડાણ મેળવવાનું બાકી છે તેવા અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓ માટે જોડાણ અંગેની જરૂરી શરતો/કાર્યવાહી પૂર્ણ કરવાની શરતોને આધિન માનનીય કુલપતિશ્રીની મંજૂરીની અપેક્ષાએ પ્રવેશ કાર્યવાહીની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | અભ્યાસક્રમ | ડિવિઝનની સંખ્યા | પ્રતિ ડિવિઝન મહત્તમ સંખ્યા |
|---|---|---|---|
| 1 | M.Com. | 01 | 60 |
| 2 | M.A. | 01 | 60 |
| 3 | M.Sc. (Home Science) | 01 | 60 |
| 4 | M.Sc. (IT & CA) | 01 | 60 |
| 5 | M.R.S. | 01 | 60 |
| 6 | M.S.W. | 01 | 60 |
| 7 | *M.Sc. (Chemistry) | 01 | *30/40/60 |
| 8 | *M.Sc. (Microbiology) | 01 | *20/30/60 |
| 9 | *M.Sc. (Physics) | 01 | 20 |
| 10 | *M.Sc. (Mathematics) | 01 | 20 |
| 11 | LL.M. | 01 | 60 |

(***M.Sc. (Chemistry), *M.Sc. (Microbiology), *M.Sc. (Physics) & *M.Sc. (Mathematics)**) વિષયમાં જે અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓને જોડાણ સમયે 60 નો ઇન્ટેક મળેલ છે. તેમનો વર્ષઃ2019-20માં ઇન્ટેક 60 નો રહેશે અને જે અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓને જોડાણ સમયે 20/30/40/60 નો ઇન્ટેક મળેલ છે તેમનો વર્ષઃ2019-20માં ઇન્ટેક 20/30/40/60 નો રહેશે.)

કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૬૦૬/૨૦૧૯
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, બિલખા રોડ, ખડીયા-જૂનાગઢ.
તા. ૦૬/૦૬/૨૦૧૯

પ્રતિ,
-ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજનાં આચાર્યશ્રીઓ તરફ.....
-માન્ય સંસ્થાઓ/અનુસ્નાતક કેન્દ્રોનાં પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ તરફ.....

**નકલ સાદર રવાનાઃ-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ**
(૧) પરીક્ષા વિભાગ.
(૨) કમ્પ્યુટર સેન્ટર-વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.
(૩) સંબંધિત ફાઇલ.